THE
HEAVENLY RAILWAY.

સ્વર્ગીય રેલગાડી.

1st Edition—2000 Copies.

સુરત:
ગુજરાતની પુસ્તક પ્રસારક મંડળીને સારૂ
આઇરિશ મિશન છાપખાનામાં છાપી.
ઇ. સ. ૧૯૦૯.

કીંમત ૬ પઇ.

પ્રસ્તાવના.

છંદ મનહર.

નજરે નિહાળી જુઓ રેલ રળીયામણીને
કારમી કાપે છે પંથ કોઠી કાળા કેરનો;
હીંડે છે હેમર જેમ હેઠ મોટા હાથીતણી
પોંચાડે પેગામ તાર પેલાં પુરી પેરનો. ૧

સડકની લીટી સીધી સારી છે સપાટ ખાસી
લેવલને લેખે તે તો ઉંચી નીચી આવે છે;
મોટી મોટી મેટલમાં સલેપાટ સાર શોભે
લાંબા લાંબા લોઢાતણા પાટા પથરાવે છે. ૨

આગળ ઇન્જીન અને ડબ્બા દેખો દીપાવડા
જુદા જુદા રંગના તે જુગતીમાં ઝાઝા છે;
નામ તેનાં નોખાં નોખાં પડયા પુરી પ્રીતથકી
થડ ને શેકન ફસ એવી એની માજા છે. ૩

વેગીન કેબીન વળી ભારી ભારી ભાર વહે
એક ને શલુન સાથ બીજા ઘણાં નામ છે;
અપને અવર એતો ગાડીઓ ગણાય સારી
ગુડસ બારખાનું એનું જુદું જુદું કામ છે. ૪

મેલ ને મીક્સ ટ્રેન ગાડી જાણો બેસવાની
લોકલ ને પેસીંઝર સવારીને સારૂં છે;
સ્પેસીયલ પુરી પળે મરજી મુજબ સદા
ધારેલી જગ્યાએ જાય સ્ટેશનોને ટાળીને. ૫

બાકી ટ્રેન બીજી બધી નિયમ પ્રમાણે સદા
આવ જાવ કરે રોજ એનો એવો ધારો છે;
જરૂરી પ્રમાણુ સાર ભારખાનું વહે સદા
ખાસ ટ્રેન માટે નિત્ય નિયમ નીયારો છે. ૬

ઇન્જીન છે એક બધી ગાડીમાં ગરૂની પેઠે
પ્રથમ પળે હમેશ દોડે દીર્ઘ ડોટમાં;
ખેંચાણુ કરે છે ખુબ પરિવાર પાછલાને
ચાલે તે ચંચલ ચીર ચોંકી ચડી ચોટમાં. ૭

આવતી આઘેથી જુઓ વિજળીના વેગ પેઠે
ધુમાડાના લાંબા ઢગ આભે અળખાય છે;
ઉડતો દેખાય એવો ઢગ ઘણા ધુમાડાનો
આવતું ઇન્જીન પછી પુરૂં પરખાય છે. ૮

ભુંગળું છે ઉભું એક કોઠી કાળા લોઢા કેરી
તેમાં ન્હાની ન્હાની ઘણી નળીઓ દેખાય છે;
મધ્યમાં છે મુખ્ય એક ચુલો ચાર ખુણાવાળો
તેની માંહે કુદરતી કોલસા નખાય છે. ૯

ન્હાના ન્હાના સાંચા બીજા ગોઠવ્યા ગણીને ઘણા
જુદાં જુદાં તેથી ઘણાં કારજો કરાય છે;
વારીની વરાળ કરી સાંચા વાટે નળે ભરી
પુરી પરવરી બન્ને બાજુ ભણી જાય છે. ૧૦

કરે છે વરાળ વેગે ડાંડા બન્ને આઘા પાછા
કસરત કારમી તે કમાને કરાય છે;
તેથી ચાલે વેગે વહી ગાડી ગુણવંત રેલ
પાણીના પ્રવાહ પેઠે પુરથી પળાય છે. ૧૧

ચાલે તે ચંચળ ચાલ વેગ મહીં વહી જાય
છુ છુ છમ છુ છુ છમ એમ સંભળાય છે;
ખટ ખટ ખટ થાય વેગે વેગે વહી જાય
ભખ ભખ ભખ મોટું ભુંગળું ભરાય છે. ૧૨

આવ્યા છે યુરોપી લોક લાવ્યા તે લાખેણો લાભ
મુસાફરી માટે એમાં સગવડ સારી છે;
ટાઢ તાપ થાક નહીં છાંયો સુખપાલ સમો
પંથને પ્રવાસે રેલ તારી બલીહારી છે. ૧૩

આવી રૂડી આવી રેલ આપણી અગત્ય કાજે
લાવી સાથ લાભ તે તો પમાડવા પ્રીતથી;
સારી સવારતાનો તે લાવી છે સમુહ સાથ
ઓળખવા ઇશુ ગરૂ રાખો રૂડી રીતથી. ૧૪

વાંચીને વિચારો ચીત સાર સારી ચોપડીનો
પામવા પરમ પદ સત્ય વાત સાહીને;
અસત્ય અંધારૂં તજી વ્હેમ ને વિકાર તજી
સત્યને શરણુ આવો પુરા પસતાઇને. ૧૫

ઇશુ છે આકાશી રેલ પહોંચાડે સ્વર્ગે સ્હેલ
આવે એની પાસ તેને કાઢી નથી મુકતો;
આપે તે સહાય સારી ચાલવા સત્યને પંથ
પેસંઝર પ્રેમ પામે તેને નહીં ચુકતો. ૧૬

THE HEAVENLY RAILWAY.

સ્વર્ગીય રેલગાડી.

આપણા હિન્દુસ્તાન દેશમાં પંજાબ પ્રાંત મોટો ને પ્રખ્યાત છે. તેમાં મોટાં મોટાં ગામો, નગરો, અને શેહેરો વસેલાં છે. તેમાં અમૃતસર નામનું શેહેર ઘણુંજ જુનું તથા માતબર છે. તે શેહેરમાં ગોવિંદરામ નામનો એક બ્રાહ્મણ રહેતો હતો. તેને એક દિવસ પોતાના ભાઇની ભયંકર માંદગીના સમાચાર મળ્યા. એટલે ગોવિંદરામનો નાનો ભાઇ કે જે અંબાળામાં રહેતો હતો તેના તરફથી ટપાલ મારફતે એવા સમાચાર મળ્યા કે, હું ઘણોજ માંદો છું ને બચવાની આશા નથી, માટે તમારે મળવાની ઇચ્છા હોય તો એકદમ આવવું. હવે જ્યારે ગોવિંદરામે પોતાના વ્હાલા ભાઇની માંદગીના સંદેશાનો પત્ર વાંચ્યો, ત્યારે તે બિચારો ઘણોજ ચિંતાતુર બની ગયો. હવે શું થશે? મારા પ્રિય બંધુને ક્યારે મળું? તેની તબિયત કેવી હશે? તેને સાજો કરવાને શું ઉપાય કરવો? અંબાળા અહિંથી (૧૫૦) મેલ દૂર છે. ગાડું ઉંટ કે ઘોડાની સ્વારીથી એકદમ પહોંચાય તેમ નથી. હવે શું કરૂં? આવા આવા વિચારો તેના મનમાં ઉપરાચાપરી ઘોળાવા લાગ્યા. જો કે તે વખતે અમૃતસરથી અંબાળા સુધી રેલગાડી ચાલુ થએલી હતી તોપણ ગોવિંદરામને આગગાડીમાં બેસવું ગમતું નહિ, કારણ કે તે જુની રૂઢી ને પુરાતન જમાનાનો

નાત જાતના વહેમોમાં ચુસ્ત હડહડતો હિન્દુ હતો, તેથી ઉતરતી જાતના હિન્દુઓ કે ખ્રીસ્તી અથવા મુસલમાનોની સાથે બેસતો નહિ એટલુંજ નહિ, પણ તેઓમાંના કોઇનો પડછાયો પડે તો તે પોતાનો દેહ અશુદ્ધ થએલો ગણી સ્નાનશુદ્ધિ કર્યા વિના રહેતો નહિ. વળી તે સારીપેઠે જાણતો હતો કે, રેલગાડીમાં તમામ જાતના ઉંચ નીચ લોકો બેસી શકે છે તેમજ કામદારો પણ થઇ શકે છે, માટે આગગાડીમાં બેસવું એ ગોવિંદરામને ભ્રષ્ટતા ભરેલું લાગતું હતું, માટે તે કદી આગગાડીમાં બેઠેલો નહિ તેમજ સ્ટેશનની નજીક પણ ગએલો નહિ ને જવા ચાહતો પણ નહિ. પણ હવે શું કરે? કામ જરૂરનું છે તેથી ગયા વગર છુટકો નથી. ત્યારે "દેહરખતો ધર્મ" એ આપણી દેશી કહેવત પ્રમાણે ગાડીમાં જવ નો નક્કી ઠરાવ કરીને ઉઠયો ને જેટલી બને તેટલી ઝડપથી લુગડાં લત્તાં પહેરી, ખર્ચી ગજવામાં નાખી, સ્ટેશને જવા ઘેરથી આફલો ફાંફલો નિકળી પડયો. ચાલતાં ચાલતાં તે સ્ટેશનની નજીક આવ્યો ને ત્યાં જુએ છે તો પોતાની ધારણા પ્રમાણેનાં ઘણાંજ માણસોનું ટોળું નજરે પડયું, કે જેમાં ઉંચ નીચ જાતના હિન્દુઓ, મુસલમાનો, ખ્રીસ્તીઓ, ઢેડ, ભંગી, ચમાર આદિ લોકો તેના જોવામાં આવ્યા. આ લોકોની ભીડમાં થઇને પસાર થવું ને ટીકીટ લેવા જવું તે ગોવિંદરામને ઘણુંજ કંટાળા-ભરેલું લાગ્યું. જેમ કોઇ માણસને ભૂંકતાં શિયાળોની વચમાં રહેતાં કંટાળો આવે છે તેટલોજ, બલકે તેથી વિશેષ કંટાળો ત્યાં ગોવિંદરામને આવ્યો. તોપણ મન મારી આગળ જવાને વધ્યો ને તે ભીડમાં પડી કચરાતો દબાતો ધક્કા મુક્કી ખાતો ઠેલમઠેલા કરી આગળ ચાલ્યો જાય છે, એટલામાં સ્ટેશન પરનો ઘંટ ઘણુઘચાટ કરતો સંભળાયો. તે ઘંટારવ સાંભળીને

પંડયાજી ચમકી ગયા. અરે, આગગાડી ચાલવાની તૈયારીમાં છે શું? હું રહી જઇશ. હવે છોતછાતનો વખત નથી, હવે તો કકડીને ભીડમાં પડયા વિના છૂટકો નથી, એમ મન કઠણુ કરી માણસોની ગીર્દીમાં પડીને ડેલમડેલા કરતા ટીકીટ લેવાની બારી તરફ આગળ વધવા લાગ્યા. વચમાં તેને ઘણુાજ હડસેલા તથા ધક્કા મૂક્કી ખાવા પડયા, ને એક જગ્યાએ એવી સંકડાસમાં આવી ગયા કે તેનો અંગરખો ફાટીને ચીરાડીયાં થઇ ગયો; પણ તેની કંઇ દરકાર ન કરતાં માંડ માંડ ટીકીટની બારી પાસે પહોંચ્યા ને બોલ્યા કે, ઓ માસ્તર સાહેબ, ઓ માસ્તર સાહેબ, મને અંબાળાની ટીકીટ આપશો! ઓ ભાઇ સાહેબ, હવે તો વખત ઘણોજ થોડો છે માટે મેહેરબાની કરી જરા ઉતાવળથી ટીકીટ આપો તો સારૂં, એમ બોલતાં પહેલાં ટીકીટની કીંમતના પૈસા નાની સરખી બારીમાં હડસેલી મેલ્યા. માસ્તરે ટીકીટ આપી તેમજ બીજો એક આનો જે પાછો આપવાનો હતો તે પણ આપ્યો. ગોવિંદરામ ઘણીજ ઝડપથી ટીકીટ તથા પૈસા ઉપાડીને ઉતાવળથી ગાડી તરફ ગમન કરવા લાગ્યો, પણ વખત થોડો છે ને સ્ટેશનમાં ગાડીની અંદર તમામ પેસિંજર (ગાડીમાં બેસનારા લોકો) બેસી ગયા છે. આગળ ઈંજીન પણ ધમધમાટ કરતું વરાળ ને ધુમાડાના ગોટેગોટા કહાડતું દેખીને ગોવિંદરામના તો હોસકોસ ઉડી ગયા ને તેના શરીરમાં કંપારો છુટયો; તેથી હાથ પગ થર થર ધ્રુજવા લાગ્યા, જાણે કે તેના શરીરમાં કંપવાનો રોગ થયો ન હોય! આવી હાલતમાં તેના હાથમાંના પૈસા પડી ગયા પણ ગોવિંદરામે તે ગણુકાર્યું નહિ, ને જેમ તેમ કરી પસીને રેબઝેબ થએલો હાંફતો હાંફતો ગાડી પાસે ગયો. ત્યાં જઇ ચકળવકળ આંખોના ડોળા ફેરવતો ડબામાં ડોકીયું કરી જુએ છે,

તો તેની અંદર નાની મોટી, ઘરડી જુવાન, જુદા જુદા લેબાસવાળી સ્ત્રીઓ બેઠેલી છે ને બાજુમાં છોકરાંઓ શોરબકોર કરી રહ્યાં છે. જેમ નાના સરખા વાડામાં ઘણાં ઘેટાં પુરેલાં હોય, તેમ આ ડબ્બો સ્ત્રીઓથી ચિકાર ભરેલો હતો. હવે ગાડી ઉપડવાની તૈયારીમાં છે એમ જણાવવાને ઇનજીનમાંથી કારમી, કાન ફોડી નાંખે એવી એક અચાનક કીકીઆરી સાંભળી તેથી તેને બીજી જગ્યા જોવાનો વખત વહી ગયો છે એમ જણાયું, માટે પડખામાં પુરૂષનો ડબ્બો હતો તેમાં આંધળોકીયાં કરીને ચઢવાની ચાહના કરી ને બારણા પાસે ગયો. ત્યાં લોઢાનો સળીયો જે હેન્ડલની પેઠે જડેલો હોય છે તે પકડીને અંદર પેસવાની શરૂઆત કીધી, ને તેમ કરતાં પગથીયાં પર પગ મૂક્યો કે તરત આંચકો મારી આગગાડી ચાલતી થઇ તેથી તેનો પગ લપસી ગયો. એ વખતે એક હાથમાં હેન્ડલ પકડીને અરધો લટકતો હતો તે જોઇને અંદરના એક આશામીએ તેને પકડી લીધો ને જોરથી ખેંચીને ગાડીમાં દાખલ કર્યો. એ સમયમાં ગોવિંદરામને તે માણસે જો પકડયો ન હોત તો થોડી વારમાં એ પૂરો થવાનો હતો. પણ જીવ બચાવનારના જોરાવર હાથે તેને જોરથી ખેંચીને ડબ્બાની અંદર દાખલ કર્યો. આ રીતે મહારાજનો પ્રાણ મરણના મુખમાંથી મુક્ત થયો, તેથી તે બહુ ખુશીખતે બારણાની આગળ આવીને બેઠો.

હવે આ બિચારો બ્રાહ્મણ શ્વાસે ધમણ થર થર ધ્રુજતો પસીને પલળેલો શુધબુધ વગરનો, મરણતુલ્ય મુખવાળો, મરતો પડતો આગગાડીમાં આવી બેઠો; ત્યાર બાદ બે ચાર મિનીટે જરા હોસમાં આવ્યો અને બોલ્યો અરે ભગવાન! તારી કૃપાથી બચ્યો. ઓહો હો! હું તો મરણમાંથી બચ્યો છું. જો મને

મદદ નહિ મળી હોત તો આજે મારૂં આવી બન્યું હોત. હે પ્રભુ, મને સાહ્ય કરનારનું તું કલ્યાણ કરજે, એમ કહી આમ તેમ જોવા લાગ્યો. અરે, મારો મદદગાર કોણ ને તે ક્યાં છે એમ કહી આજુબાજુ તપાસતો હતો. એવામાં એની નજરે તારાચંદ નામનો એક તેનો જુનો મિત્ર હતો તે જોવામાં આવ્યો.

આ તારાચંદ ગોવિંદરામનો જીગરજાન, ખરો સ્નેહી, મનપસંદ મિત્ર હતો, પણ તે મિત્રાઇમાં મોટી ખલેલ પહોંચી હતી, કારણ કે તારાચંદ ને ગોવિંદરામ પ્રથમ તો બંને સરખા વિચારના, સરખી રૂઢીના, મતમતાંતરમાં પણ એકજ મનના, સહધર્મી હિંદુઓ હતા. પણ તારાચંદને હિંદુધર્મ પર શંકા પડવાથી તેણે ખ્રીસ્તી ધર્મ-શાસ્ત્રનો અભ્યાસ કર્યો, ને પ્રગટરૂપે ઇસુ ખ્રીસ્તનો શિષ્ય થયો. (ખ્રીસ્તી ધર્મમાં દાખલ થનાર માણસ ખ્રીસ્તી મંડળીના લોકોની વચમાં ખ્રીસ્તને ગુરૂ તરીકે કબુલ કરવાનું વચન આપી ખ્રીસ્તી લોકોની સાથે આહાર પાણી તથા શરીર સંબંધ જોડવાનું કબુલ કરે છે, તે વખતે ધર્માચાર્ય એટલે પાદરી સાહેબ પિતા પુત્ર ને પવિત્ર આત્માના નામથી માથે પાણી રેડે છે અથવા પાણીમાં ડૂબકી મરાવે છે, તેને બાપ્તિસ્મા ને જળસંસ્કાર કહે છે. તે સંસ્કાર પામ્યા પછી તે ખ્રીસ્તી મંડળીનો મેમ્બર ને ખ્રીસ્તનો પ્રગટ શિષ્ય ગણાય છે). તે જળસંસ્કાર પામ્યો ત્યારથી ગોવિંદરામને મન તારાચંદ મરી ગયા જેવો ગણાયો હતો. તે સમજતો કે મારો મિત્ર પોતાની નાત જાત, પોતાનો સ્વધર્મ તજીને હવે તે મ્લેચ્છ લોકોની સાથે મળી ગયો છે, ને પરાયા ધર્મને માનનારો થયો છે, તેથી મારે તેની સાથે ખાવું પીવું નહિ ને બોલવા ચાલવાનો વહેવાર રાખવો નહિ એમ સમજી તે પોતાના મિત્રથી વિરક્ત થઇ તેની સાથે મળતો નહિ. આ બે મિત્રોમાં અગાઉ

જેવી ઐક્યતા હતી તેથી વિશેષ ભિન્નતા પેદા થએલી હતી. જો કે તારાચંદના મનમાં ગોવિંદરામ પર કંઇ દૂષભાવ કે ગુસ્સો નહોતો, પણ ગોવિંદરામના મનમાં તેથી ઉલટું હતું. જો તે તારાચંદને જુએ તો તેને પોતાનો ખરો દુશ્મન સમજે, ને બનતાં સુધી તેનો મેળાપ લે નહિ. જો તેને સામો આવતો દેખે તો આડો અવળો ફરીને ચાલ્યો જાય. એટલુંજ નહિ, પણ તેનું નામ સરખુંએ લે નહિ, તો પછી ખાધા પીધાનો વહેવાર તે ક્યાંથી હોય! આવી રીતે એ બંને મિત્રોના વિખૂટાપણા પછીની આ પહેલ વહેલી મુલાકાત હતી ને તે પણ ઉપર બતાવેલી અજાએબ જેવી રીતીએ બની આવી. તારાચંદને ગોવિંદરામે જ્યારે જોયો ત્યારે તે ગાભરો થયો. અરે! આ પાપી અહિં ક્યાંથી! હવે શું કરૂં! તેની સાથે કેમ બેસાય! આવા આવા વિચાર મનમાં થયા, પણ શું કરે, હવે તો અંબાળા સુધી તેની જોડે બેસવું પડશે. આમ તેમ ખશી જવાનો કે છટકવાનો લાગ નથી. વળી તેણે આજે મને જીવના જોખમમાંથી બચાવ્યો છે. જો કે તે ખ્રીસ્તી છે તો પણ આજે મને એનાથી મોટી મદદ મળી છે એટલુંજ નહિ, પણ આતો રેલગાડી! આમાં ઢેડ, ભંગી, ચમાર, કોળી, વાઘરી, ખ્રીસ્તી, મુસલમાન, બધા ભેળા બેસે છે, ને તેમાં બેસનારાઓને એક બીજા સાથે સહવાસ કરવો પડે છે ને વળી વખતે ધક્કા પણ ખાવા પડે, માટે મારે તારાચંદ તરફ આભારી મન રાખી મિત્રભાવે વર્તવું પડશે, તે વિના છૂટકો નથી. એમ સમજી સ્નેહ સહિત પ્રેમ ભાવે ગોવિંદરામે તારાચંદને સલામ કરી ને બહુ નમ્રતાથી તેનો મોટો ઉપકાર માન્યો. એટલામાં રેલગાડી ખૂબ જોસથી ખડખડાટ ભડભડાટ કરતી ચાલવા લાગી ને આ બંને વિયોગી મિત્ર અન્યોઅન્ય વાતચિત કરવા લાગ્યા. ગોવિંદરામની સાથે આ પ્રમાણે મિલાપ થવાથી તારાચંદને ઘણો

આનંદ થયો, તેથી સઘળાના કુશળ સમાચાર પુછી પ્રેમયુક્ત વાતચિત કીધી. એવામાં અંબાળાના રસ્તામાં પહેલું સ્ટેશન નજીક આવ્યું. હજી સ્ટેશનથી થોડે વેગળે ગાડી આવી એટલે એક મોટો થાંભલો કે જેની ટોચે હાથના આકારનું આસરે ચાર કે પાંચ ફીટની લંબાઇનું પાટીયું જડેલું હતું, તેના ઉપર એક બાજુ લાલ ને બીજી બાજુ કાળો રંગ લગાડેલો હતો. તે થાંભલાની નજીક આવતાં ઇન્જીનમાંથી મોટી કીકીયારી સાંભળી, ત્યાર બાદ ગાડીનો વેગ જરા ધીમો થયો ને સ્ટેશન પર ઉભેલાં જુદાં જુદાં માણસો નજરે પડ્યાં. તેમાંનો પ્રથમ એક સાંધાવાળો લોખંડના પૈડા પર પગ મૂકીને લંગડાતા હનુમાન જેવો ઉભો હતો ને તેના હાથમાં સફેત, લીલો તથા લાલ એવા ત્રણ જુદા જુદા વાવટા હતા. ત્યાંથી આગળ ચાલતાં છેક કાળા રંગનાં કપડાં પહેરી હાથમાં ડંડુકો લઇ પહેરેગીર જેવો પોલીસ ઉભેલો હતો, અને તે ઘણી ઝડપથી "ખીસા પાકીટ સંભાળો, ખીસા પાકીટ સંભાળો, એમ ઉપરાચાપરી બૂમો મારતો હતો." એથી આગળ ગયા એટલે મેલાં કપડાંવાળા મજુરો મોટી મોટી બૂમો પાડી "મજુર, મજુર, મજુર," એમ બોલતા હતા ને છેક સ્ટેશન પાસે ગાડી આવીને ઉભી રહી. ત્યાર બાદ જુદા જુદા દેખાવો જોવામાં આવતા હતા. કોઇ હાથમાં પાણીની ગાગર લઇ "લ્યો બ્રાહ્મણીઆ પાણી! લ્યો બ્રાહ્મણીઆ પાણી" એમ પોકારતા હતા. તો બીજી બાજુ તરફ વાણીઓ હાથમાં છાબડી લઇને "લ્યો તાજી મીઠાઇ, ગરમ ભજીયાં, દાળ મસાલેદાર, શેવમમરા, ચણા કડાકીદાર, રેવડી, તલ્ક બીડી, પાન સોપારી, દીવાસળીની ડાબલી" વિગેરે બોલીને આમ તેમ દોડાદોડી કરતા હતા. બીજાં કેટલાંક માણસો જે આગગાડીમાં બેસવાને આવેલાં તે હાથમાં ગાંસડાં

પોટલાં પાકીટ લઇને ગાડીમાં બેસવા સારૂ બહુજ ઉતાવળાં થઇ ઉભાં હતાં. આ બધા દેખાવ તરફથી નજર ફેરવીને શાંતિ જોઇ તારાચંદ તથા ગોવિંદરામ અરસપરસ વાતો કરવા લાગ્યા.

તારાચંદ—મારા વ્હાલા મિત્ર ગોવિંદરામ, મારા ધારવા પ્રમાણે આપ આ ગાડીમાં સ્વારી કરવા આવ્યા તે મોટા આશ્ચર્યની વાત છે. કેમકે હું સમજતો હતો કે આપ કદી ગાડીમાં બેસવાનાજ નથી, કેમ ખરૂં કે? મેં એક વખત આપના મ્હોથી એવું સાંભળ્યું હતું કે હું ઈંગ્રેજ લોકોને તથા તેના ધર્મને તેમજ તેના આચાર વહેવાર, ચાલચલણ ને રીતરીવાજને ધિક્કારૂં છું ને તે પ્રમાણે હું કદી વરતવાનોજ નથી તે આપને યાદ છે?

ગોવિંદરામ—મિત્ર તારાચંદ, તમે કહો છો તે સત્ય છે, બેશક, હું એમ બોલ્યો હતો, પણ ભાઇ શું કરૂં? મારે ઘણીજ ઉતાવળથી અંબાળે જવાનું છે, કારણ કે ત્યાં મારો ભાઇ ઘણીજ બીમારીમાં આવી ગયો છે; માટે જેમ બને તેમ જલદી પહોંચવાની જરૂર છે ને તે જરૂરીઆત પુરી પાડવાને આ રેલગાડી સિવાય સગવડતા ભરેલું બીજું સાધન નથી તેથી ન ચાલતાં આમાં બેસવાની જરૂર જણાઇ.

તારાચંદ—અરે, મારા વ્હાલા ભાઇ, એમ હોય એ વાત હું સાચી માની શકતો નથી, કેમકે આપણા બાપદાદા કોઇ પણ વખતે કદી રેલગાડીમાં બેઠા નથી. ગમે તેટલી ઝડપની કે જરૂરની મુસાફરી હોય તોપણ તેઓ બળદગાડી કે ઉંટ અથવા ઘોડા પર સ્વાર થઇને પુરી કરતા હતા ને તેજ વાહનોથી તેઓ સંતુષ્ટ રહેતા હતા.

ગોવિંદરામ—હા એ તો ખરૂં છે, તેઓની મુસાફરીમાં એ વાહન શિવાય બીજાં સાધનો હતાં નહિ, તેથી તેઓને એજ

વાહનોની જરૂર પડતી હતી; તે શિવાય બીજા કેટલાએક પગે ચાલીને મુસાફરી કરતા હતા. જુઓની, મારાજ દાદા એકવાર પગ રસ્તે ચાલીને ઠેઠ કાશી સુધી મુસાફરી કરી આવ્યા હતા. જો કે તેઓ પૈસાદાર હતા તેથી ગાડી અથવા ઘોડા પર બેસીને જવા ચાહતા હોત તો તેમ કરી શકત, પણ તેમ કરવાથી પુણ્ય કર્મનો ભાગ કમતી થાય છે, ને દેહકષ્ટ કરી યાત્રા કરનારને વધારે પુણ્ય મળે છે, માટે તેઓ પગ રસ્તે ચાલીને તીર્થે ગયા હતા. એ પ્રમાણે તેઓ બીજીવાર યાત્રા કરવા ગયા ત્યારે ખોરાકી તથા દાન પુણ્યને વાસ્તે ઘણું દ્રવ્ય લઇ ગયા હતા. એવામાં રસ્તે ચાલતાં ચાલતાં તેઓ ફાંસીયા નામના ઠગ લોકોના હાથમાં પડ્યા ને માર્યા ગયા. એટલે એમ થયું કે, તેઓ જતા હતા ત્યારે તેને રસ્તામાં તીર્થવાસીને વેષે ધુતારા મળ્યા. મારા દાદાએ તેઓને યાત્રાળુ જાણી સાથે રાખ્યા, અને રસ્તે ચાલતાં ચાલતાં તીર્થના મહાત્મ્યની વાતચીતો કરતાં પોતાની સઘળી હકીકતથી માહિતગાર કીધા. એ ઠગ લોકો તીર્થવાસીના વેષમાં એવા આસ્થા-ધારી દેખાતા હતા કે તેથી મારા દાદા છેક ભોળવાઇ ગયા. પછી એક અંતરીઆળ જગ્યામાં તેઓ ગયા ત્યારે તેઓએ એ ભોળા માણસનું ખૂન કર્યું ને તેઓની પાસે જે કંઇ માલમીલકત હતી તે ઉચાપત કરી ગયા.

તારાચંદ—આહા હા હા, ભાઇ, એ તો ઘણાજ શોકની વાત છે કે એ બિચારા ભોળા માણસની આવી રીતે દુર્દશા થઇ! શું વારૂં, તેણે કંઇ શુકન મુરત બરોબર જોયા નહોતા?

ગોવિંદરામ—અરે મારા ભાઇ, શુકન મુરત જોવા તથા જોગ અવજોગ જાણવામાં તેઓ ઘણાજ હોંશિયાર ને પ્રવીણ હતા, પણ

ભવિષ્યની આગળ શુકન મુરત શું કરે? એ તો થનારૂં તે થવાંજ કરે.

તારાચંદ—આપના દાદા તીર્થયાત્રા કરી દેવતાઓને પ્રસન્ન કરનારા હશે. એટલે તેઓની સમજ એવી હશે કે એવાં કામ કરવાથી દેવતાઓ સંતુષ્ટ થાય છે, નહિ તો તેઓ તેમ કરે નહિ.

ગોવિંદરામ—ખરેખર એ તો દેવતાના ખરા ભક્ત હતા તેથી તેઓને પસંદ કરવાને એવાંજ કાર્યો કરતા હતા, એમાં જરા પણ સંદેહ નથી. તારાચંદ ગોવિંદરામની આટલી વાત સાંભળીને સજ્જડ થઇ ગયો, અને પોતાના મન સાથે વિચાર કરવા લાગ્યો કે બિચારા ભોળા તીર્થવાસીઓ! લાંબી લાંબી મુસાફરી કરી યાત્રા કરવા નિકળે છે ને તેમાંના ઘણાખરા અધવચમાં લૂટાઇ જાય છે, જાનના જોખમમાં આવી પડે છે અને માર્યા જાય છે; તોપણ તેઓની ધારેલી મુરાદ પાર નહિ પડતાં નાહક લાભને બદલે હાનિ પામે છે.

તારાચંદ—મિત્ર ગોવિંદરામ, આપણા સ્વદેશીઓમાંના કેટલા-એક વિશ્વાસુ તથા શ્રદ્ધાવાન માણસો દેવતાઓને સંતુષ્ટ કરવાને અર્થે લાંબી લાંબી મુસાફરી કરી તીર્થ યાત્રામાં જાય છે ને ઘણાંજ સંકટો તથા મુશીબતો વેઠીને પાછા આવે છે, ને કેટલાએક તમારા દાદાની પેઠે રસ્તામાં લૂટારાઓના હાથથી અથવા કોઇ રોગનો ભોગ થઇ અંતરીઆળ મરણ પામે છે; તોપણ તેઓની ધારણા પરિપૂર્ણ થતી નથી. એટલે અંતઃકરણની શુદ્ધિ કરવાને માટે તેઓ તીર્થસ્થાનોમાં જાય છે, ત્યાં નદી તળાવ અથવા કુંડોમાં નાહે છે, શ્રાદ્ધ સારી પિંડદાન કરી પંડ્યાજીને પોષે છે, દાન દક્ષિણા દે છે, છાપ તિલક લે છે, પણ તેથી મનની મલીનતા મટતી નથી; બલ્કે

એવાં કામો ફોકટનાં છે. એથી પાપ જતું નથી ને દેવ પ્રસન્ન થતો નથી. એ વિષે કેટલાએક સુજ્ઞ પુરૂષો સાફ રીતે સમજે છે. મન ચંગા તો કથરોટમાં ગંગા; માટે ખરી યાત્રા તે તો જુદીજ છે; તોપણ બિચારા બુદ્ધિ વગરના ભોળા મનુષ્યો એવી આપત્તિમાં આવી પડે છે.

ગોવિંદરામ—મિત્ર તારાચંદ, આ રેલ ગાડીથી એવી આપત્તિઓ તથા અડચણો દૂર થએલી છે. કેમકે આગગાડીમાં બેસનાર મુસાફરોને ખૂની, ધુતારા, વાટપાડુ, ચોર ચખાર, દુષ્ટ દગલબાજોના હાથથી હેરાનગતીની અડચણો આવતી નથી, તેમજ જ્યાં કંઇ જવું હોય ત્યાં સારી રીતે સહીસલામત નિર્વિઘ્નપણે પહોંચી શકાય છે. માટે મુસાફરીના સંબંધમાં આ ગાડી શિવાય સુગમતા ભરેલું બીજું સારૂં સાધન નથી.

તારાચંદ—ભાઇ ગોવિંદરામ, મારા ધારવા પ્રમાણે હવે તમે સારીપેઠે સમજો છો. દેશાટન તથા મુસાફરી કરવાના કામમાં અંગ્રેજોની શોધનો લાભ લઇશું તો ઘણી અડચણો તથા અઘવડથી બચી જઇને ધારેલી જગ્યાએ સુખ ચેનમાં જઇ શકીશું એ નક્કી છે, ને તેના સિવાય બીજાં સાધનોથી તેમ બનતું નથી.

ગોવિંદરામ—એ વાત તો ખરીજ છે, કેમકે જો હું આજે ડોળી અથવા ઘોડાના ટાંગામાં બેસીને મુસાફરી કરવા નિકળ્યો હોત તો આજે અંબાજી પહોંચી શકત નહિ. તારાચંદ ગોવિંદરામની ઉપર કહેલી વાત સાંભળી થોડી વાર વિચારમાં પડ્યો, અને પછી બોલ્યો કે, ભાઇ, આજથી એક વરસ પહેલાં મેં મોટી યાત્રા કરવાનો નિશ્ચય કર્યો છે એ યાત્રા શરૂ કર્યા પહેલાં મેં સારીપેઠે વિચાર કર્યો કે બીજા લોકોની બુદ્ધિ ને નિપુણતાથી જો

આપણે લાભ મેળવી શકીએ તો તે લાભ લેવો એ મૂર્ખપણું નથી પણ બુદ્ધિવાન માણસનું કામ છે, તેથી પ્રથમ મેં જોયું કે જે પ્રમાણે આપણા બાપદાદાઓ ચાલતા હતા તેજ પ્રમાણે હું ચાલીશ તો મારા મનવાંછિત સ્થાનમાં પહોંચ્યા પહેલાં અધવચ રખડી મરીશ એમાં કંઇ શક નથી. માટે રેલ ગાડીમાં બેસવું કે જેથી ધારેલી જગ્યાએ નિર્વિઘ્નપણે પહોંચી શકીશ. પછી તેમ કરવા સારૂ મેં ફર્સ્ટ ક્લાસની (પહેલા વર્ગની) ટીકીટ લીધી, ને એક મોટા મહારાજાની માફક મારી યાત્રા આગળ ખેડવા લાગ્યો. ગોવિંદરામ તારાચંદની વાત સાંભળીને અજાયબ થઇ ગયો ને બોલ્યો કે, ઓહો, તમો એવી લાંબી મુસાફરીમાં પહેલા વર્ગની ગાડીએ સવાર થયા ત્યારે તો ઘણું ભાડું બેઠું હશે. કહો તો ખરા, તમોને તે ટીકીટનો કેટલો ખર્ચ થયો ?

તારાચંદ—મારા પ્યારા મિત્ર, જે ટીકીટની વાત મેં તમને કહી તે તો મને મફત મળી છે. એટલે એમ થયું કે, એક મોટા શ્રીદાતાર છે તેની પાસે હું ગયો ને પહેલા વર્ગની ગાડીમાં બેસીને મુસાફરી કરવાની મારી ઇચ્છા બતાવી. ત્યારે તેણે મારા પર દયા લાવીને આનંદથી એક ટીકીટ બક્ષીસ તરીકે આપી દીધી.

ગોવિંદરામ—ધન્ય છે એવા મિત્રને, કે જેઓએ એવી ટીકીટનું મૂલ્ય ખર્ચી આપને ઇનાયત કરી. એવા મિત્ર આ જગતમાં થોડાજ હશે.

તારાચંદ—હા ભાઇ તેના જેવો બીજો કોઇ થયો નથી, છે નહિ, ને થવાનો પણ નથી. એવો બહાદૂર દાનેશ્વરી માયનો પુત એકજ છે.

ગોવિંદરામ—ભાઇ તારાચંદ, હું જાણું છું કે આપને હાથ એવી સારી ટીકીટ આવી, ત્યારે તો તમારા આનંદની શી મણા! ને ત્યાર પછી તમારી મુસાફરી ઘણાજ સુખચેનમાં પુરી કરી હશે.

તારાચંદ—જરા મુખ સંકોચન કરી પોતાના મિત્ર પ્રત્યે બોલ્યો, નારે ભાઇ, હજી તો મારી મુસાફરી ઘણી બાકી છે, તે સંપૂર્ણ થઇ નથી. ત્યારે ગોવિંદરામ મુખ પર અચંબાનું ચિન્હ બતાવી બોલ્યો, હેં! શું એ ખરી વાત! આપ ગઇ સાલ મુસાફરી કરવા નિકળ્યા, તે હજી સુધી પોતાની મનવાંછિત જગ્યાએ પહોંચ્યા નથી? અરે! એટલામાં તો આખી દુનિયાની મુસાફરી કરી શકાય છે, તેમ છતાં તમે કહો છો કે હજી મારી મુસાફરી અધુરી છે. એ શું કહેવાય? આ પ્રમાણે આપણા બન્ને પાર્સીંજર આપસઆપસમાં વાત કરે છે એ સાંભળીને આસપાસ બેસનારા બીજા માણસો પોતાની વાતો બંધ કરી એ બે જણનો સંવાદ સાંભળવા ધ્યાન લગાડી બેઠા. તેઓમાં એક જુવાન વિદ્યાર્થી જે ઘણો હુશિયાર, ચાલાક, વિવેકી ને સદ્‌ગુણી હતો તે બોલી ઉઠયો કે, આપ તો કંઇ માર્મિક રીતથી બોલો છો, માટે મહેરબાની કરી એ આપની વાર્ત્તાનો ખરો અર્થ શું છે તે કહેવાને કૃપાવંત થશો એવી આશા છે. ત્યારે તારાચંદે બધા સાંભળનારા પર નજર કરીને જવાબ આપ્યો. મિત્રો, જો મારા બોલવાનો ખરો અર્થ સાંભળવાને ચાહતા હો તો મારી વાતથી કોઇએ ખેદિત થવું નહિ.

ગોવિંદરામ—ના, ના, અમારે બિલકુલ ખેદિત થવાનું કારણ નથી. આપ ગમે તે બોલો, અમે ખુશીથી સાંભળીશું; પણ પ્રથમ મને એ કહો કે જયારે આપે ગઇ સાલ યાત્રાની

શરૂઆત કીધી ત્યારે કયા સ્થાન પર પહોંચવાની ઉમેદ હતી તે હું જાણવા ચાહું છું.

તારાચંદ—હવે મારી યાત્રા તથા મારૂં ઇચ્છિત સ્થાન તમે જાણવા ચાહો છો તો તે હું ઘણી ખુશીથી બતાવું છું. જે યાત્રા મેં શરૂ કરી તે દૈહિક નહિ પણ આત્મિક છે, ને મારૂં ઇચ્છિત સ્થાન એ સ્વર્ગ સમજવું. જ્યારે તારાચંદના મુખથી ઉપરના શબ્દો નિકળ્યા, ત્યારે થોડી વાર સુધી બધા ચૂપચાપ મુંગે મોઢે બેસી રહ્યા, ને કોઇ કંઇ બોલ્યું નહિ; કારણ કે પ્રથમ તે આત્મિક યાત્રાનું કહે છે. એ વાત કોઇ સમજ્યા નહોતા, તેથી તેણે પોતાની વાત આગળ ચલાવતાં કહ્યું કે મારા મિત્રો, હું એમ માનું છું કે આપણામાંનો દરેક પુરૂપ તે કલ્યાણદાયક સ્થાને પહોંચવાની આશા રાખે છે. આ જીંદગીને અંતે પરલોકનું સુખ મેળવીને સદાકાળના વિશ્રામમાં પ્રવેશ પામવાની આશા ન રાખતો હોય એવો એક પણ માણસ નથી. આપણ બધાની એવી ચાહના છે કે અમારો આત્મા પરલોકના કલ્યાણકારી ધામમાં પ્રવેશ પામે ને અનંત સુખમાં વાસો કરે.

આપણ દરેક અન્તર્યામિની સાચી શાહેદીથી જાણીએ છીએ કે આ શરીર નાશવંત છે, એટલે તે મરી જાય છે; પણ આત્મા અવિનાશી ને અમર છે; પણ જ્યારે આપણે આપણા પાપનું સ્મરણ કરીએ છીએ ત્યારે એજ અન્તર્યામિની સુચનાથી સમજીએ છીએ કે તારાં પાપ તને નર્કાગ્નિમાં ખેંચી જશે. ત્યારે આપણને એવી ધાસ્તી લાગે છે કે અમારૂં જીવન જે મૃત્યુ સમુદ્રને પેલે પાર છે, તે મહા દાવાનળ દુઃખના ક્લેશામાં પડવા લાયક છે. જો આપણે ધ્યાન દઇને તપાસ કરીએ તો માલૂમ પડે છે કે લોકે

અનેક જાતનાં દુઃખો તથા કષ્ટો ઉઠાવે છે, જપ તપ કરે છે, યાત્રા તિર્થે જાય છે, એ બધાનું કારણ શું? તેના જવાબમાં એજ ઉત્તર મળે છે કે મરણ પછી સદ્દગતિ થાય. વળી જુઓ ઉપવાસ વ્રત આચરે, દાન પુણ્ય કરે એ બધાં શું કરવા કરે છે? તેમ કરવાનો હેતુ એજ કે અમારાં પાપને લીધે જે માર તથા ભારી વેદના અમારા પર આવનાર છે, તેથી અમે બચી જઇએ. માણુસ પોતે પોતાના અન્તર્યામીના શિખવ્યાથી એટલું સમજે છે કે હું પરમેશ્વરની આગળ પાપી છું, ને પાપને લીધે મારા પર ભયંકર દુઃખ આવવાનું છે તેથી છૂટવાને મારે કંઇ કરવું જોઇએ એમ સમજીને તથા કરીને જીવન પર પ્રીતિ દેખાડે છે તથા સ્વર્ગની અભિલાષા જાહેર કરે છે.

મિત્રો, હું પણુ આગલા દિવસોમાં ઉપર બતાવેલા વિચારો પ્રમાણે ચાલીને પોતાના મનને ક્લેશિત કરતો હતો. હું એક અજાણ્યા તથા ભટકેલા મુસાફરની પેઠે આમતેમ અથડતો ઠોકરો ખાતો ને રવડી રખડીને નકામી જીંદગી ગાળતો હતો. યાત્રા તિર્થોની જગ્યાઓમાં નહાવાધોવા, દેવ દર્શન તથા પૂજા પાઠ કરી છાપ, તિલક, નમન, ચર્ણામૃત લેવામાં આમતેમ અથડાતો હતો. વળી કોઇ જગ્યામાં શ્રાદ્ધ સારવા, પિંડદાન દેવા, મુંડ મુંડાવી છાપ તિલક લેવા જતો હતો, ને તેમ કરતાં જૂદાં જૂદાં સ્થળોમાં ફરી વાંકી વસમી ઝાડી જંગલવાળી, ખાડા ખડીઆથી ભરપુર, ટેકરા ટેકરીવાળી જગ્યાઓમાં ફરતો, ને તેમ કરતાં મારા પગ લોહી લોહાણુ થઇ જતા. એમ ચાલતાં ચાલતાં થાકીને લોથપોથ થઇ જતો; વખતો વખત આંખે અંધારાં આવે ને માથામાં ચક્કર ચઢે. એમ થાક, દુઃખ, ભૂખ, ઉંઘ, ઉજાગરો એકઠાં થતાં કોઇ કોઇ વાર મૂર્છાંગત થઇ પડી જતો, તે વખત મારૂં શરીર શીતળ

ગાર જેવું બની જતું ને હોશ કોશ ઉડી જવાથી બચવાની પણ આશા છુટી જતી હતી. એવી કઠણ ને દુ:સહ વિટંબણા ભરેલી મુસાફરી કરતો, તોપણ મારી મનવાંછિત જગ્યા વિષે હું અણ- વાકેફ હતો. એટલે મારી યાત્રાની આખર જે સુખ ધામની આશા હું રાખતો હતો તે ક્યાં ને કેવું છે તેની ખાત્રીપૂર્વક ખબર મને મળીજ નહિ. જેમ જેમ હું એ અમરપુરીની આશાએ આગળ વધું તેમ તે મારાથી વધારે ને વધારે વેગળી જતી, કારણ કે મારી મુસાફરી અંધારામાં અથડાવા જેવી હતી. હું ક્યાં જવા ચાહું છું અને ક્યાં જાઉં છું એથી પૂરો અજ્ઞાન હતો. એવી આંધળી મુસાફરીમાં ઘાણીના બળદની પેઠે મારૂં આમ તેમ અથડાવું થતું હતું, ત્યારે વ્યાકુળ બની બેહાલ જેવો બેઠો હતો. થાકમાં લોથપોથ બેહોશ બની બચવાની આશા છોડી છેક નિરાશ ને નાહિમ્મત થઇ હારીને હેઠે બેઠો હતો, તેટલામાં માત્ર મરણનો મિલાપ ચાહી, સર્વ આશા અળગી કરી નિરાશ ને નિર્ગત થઇ ગયો હતો. મારી આવી વિષમ અવસ્થામાં હું હતો તે વખત એક સારો સંદેશગીર મારી પાસે આવ્યો અને તેણે મને મહા મનોહર વાણીએ કહ્યું કે, અરે કષ્ટ કરનાર તથા પાપના ભારથી લાદેલા મુસાફર, તું મારી પાસે આવ અને હું તને વિસામો આપીશ. આ વચન મારા મન પર એવું અમૃતરૂપ અળખાયું કે તેથી મને શુદ્ધિ સાન આવી હું નિરાશ, આશાવાન થયો ને ધ્રુજતો ધ્રુજતો તે પરમાર્થી પુરૂષની પાસે ગયો. મેં તેમની આગળ ખરા મનથી મારી બધી હકીકત જાહેર કરી. હું કોણ? ક્યાં જવા ચાહું છું? કેવી હાલતમાં હાલ છું? એ બધું પૂરેપૂરી રીતે પડદો રાખ્યા વિના અથ ઇતિ નિવેદન કરી દીધું. ત્યારે તેણે મને તુરત જવાબ આપ્યો "ભાઇ, જો તારે તારી મનવાંછિત જગ્યામાં જવું હોય તો અહીં એક વિમાનના વેગ જેવી રેલગાડી

છે તેમાં બેસવાથી તું સુખચેનમાં તારી મુસાફરી પૂરી કરશે ને તારી મનપસંદ જગ્યામાં જઈ પહોંચશે. તે તમને નિર્વિઘ્ને નૌતમ દેશમાં ખંતથી ક્ષેમકુશળતા સાથ વહેલા વહેલા વિશ્રામસ્થાને, જે સ્વર્ગતુલ્ય સુખમય સ્થળે તમે જવા ચાહો છો તેમાં પૂરો પ્રવેશ કરાવશે." મેં તે સંદેશીઆને કહ્યું "ભાઇ, તમે કહો છો તે તો ખરૂં પણ મારી પાસે તેની ટીકીટની કિમ્મતના પૈસા નથી. ત્યારે તેણે જવાબ આપ્યો, એ વાત ખરી પણ તમારા પર દયા લાવી હું તમને તેની ટીકીટ મફત મેળવી અપાવીશ. એ વાત સાંભળતાં હું તો સાનંદાશ્ચર્ય પામી ચકિત થયો ને મારા અંતઃકરણમાં ઉપરા ચાપરી આનંદના ઉભરા આવવા લાગ્યા. અરે મારૂં મનપસંદ નૌતમ નગર જે હું ખંતથી ખોળતો આવ્યો તેમાં પ્રવેશ પામવાનો આ અતિ સુગમ ને સહેલો સટ ઉપાય અત્યારે મારી પાસે આવી મોજુદ થયો છે, એથી હવે હું જાણું છું કે જગતપતિ જે વિશ્વવ્યાપી પ્રભુ છે તેની મારા પર મહા મોટી મહેરબાની છે, જો તેમ ન હોત તો મારી પાસે અચાનક આ આસામી આવત નહિ; પણ ખરેખર ખોવાએલાને ખોળવામાં પ્રભુનો પૂરો પ્રેમ જણાય છે. હવે મારે તે ટીકીટ મેળવવી ને રેલગાડીમાં બેસી મારી મુસાફરી આગળ ખેડવી એવો નકી ઠરાવ કરી મને સુસંદેશો આપતાં મેં પુછયું ભાઇ, તે ટીકીટ આપનાર જે અતિ ઉદાર ગૃહસ્થ તમે કહો તે ક્યાં મળે ને ક્યારે તેની સાથે વાત કરવાનો વખત આવે ? તમો મને ટીકીટ અપાવશો એ વાત ખરી છે પણ એ મનમોહન મહારાજાની મુખમુદ્રા જોવા તેમજ તેની મીઠી વાણી સાંભળવા મારૂં મન અતિશય આતુર છે, માટે મારા પર મહેર કરી તેની સાથે મારો મિલાપ કરાવો તો હું આપનો અત્યંત આભાર માનીશ. ત્યારે તેણે જવાબ આપ્યો, જો તમો

એવી ઇચ્છા રાખો છો તો હું ઘણી ખુશીથી તમારી સાથે આવીશ અને તેની સાથે તમારો મેળાપ કરાવીશ. ચાલો આપણે એ પરદુ:ખભંજન ભૂપાળની પાસે જઇએ; ત્યાં ગયા બાદ હું તમને કહું તેમ કહેશો. એમ બોલી એ આગળ ચાલ્યો એટલે એક કુસાકાર અતિ ભવ્ય ને ભપકાદાર મોટી ઇમારત કે જે આસમાન સાથે વાતો કરતી હતી એવી રંગ બેરંગી નૌતમ હવેલીની નજીક ગયા. ત્યાં એક સાંકડી સીડી આવી, એના પર એક પછી એક એમ અમે ઉપર ચઢયા એટલે એ સારૂં સુંદર ને અનુપમ રચના-વાળું મોટું વિશાળ વૈકુંઠ જેવું ભપકાદાર જળ હળતી જ્યોતોવાળું દીવાનખાનું દેખાયું. આ દૈવ નગરીરૂપ દીવાનખાનાની વચ્ચોવચ શુદ્ધ સુવર્ણનું હીરા માણેક જડિત સિંહાસન હતું. તે પર એક અતિ તેજસ્વી મુખ મુદ્રાવાળો બત્રીસ લક્ષણો માયનો સુત બિરાજેલો હતો. તેનાં વિશાળ નેત્રોમાંથી નરી દયા, કરૂણા તથા પ્રેમના પ્રવાહો વહેતા હતા, તેના તરફ જોતાં માણસનું મન મગ્ન થયા વિના રહેજ નહિ. મેં તે મુનિવરને જોયો કે તરત મારા મનના તમામ વ્યાધીઓ વેગળા થયા, ઉદ્વેગ અલગ થયો, ચિંતા સંતાઇ ગઇ ને મારા અભ્યંતરમાં શાન્તિની સ્ફુરણા સ્ફુરવા લાગી. હા, તેના દર્શનથી મને જુદીજ જાતનો આનંદ અનુભવવાનું પરમ સુખ પ્રાપ્ત થયું ને જેવું સુખ મેં મારી જીંદગીમાં કદી અનુભવ્યું નહોતું તે તે પ્રસંગે મને મળી આવ્યું. પછી મેં મારા સોબતીની સલાહ લઇ અરજ કરવાને આદર કર્યો; તેમાં મારી માગણી એવી હતી કે મહારાજા સાહેબ દેવનંદન હું એક સ્વર્ગી શહેરમાં જનાર અને એ જગ્યાએ જવાને આશા રાખનાર ઉમેદવાર છું. હું રસ્તામાં ચાલી ચાલીને થાકનો માર્યો લોથપોથ થયો છું. હવે મારામાં આગળ ચાલવાની તાબ નથી; મારૂં શરીર ભૂખ, દુઃખ,

ઉંઘ, ઉજાગરા ને અકળામણથી અતિ પીડિત થયું છે. મારી પાસે ખાવા પીવાને ખરચવાની ખરચી નથી, તેથી હું ભૂખ્યો, દુઃખી લાચાર બેજાર, રંક મુસાફર છું, માટે મારા પર દયા લાવી મદદ કરવા મહેરબાની કરશો ને હું શરણ આવેલાને સહાય કરી મારી મનવાંચ્છિત જગ્યાએ જવાને ટીકીટ આપી આભારી કરશો એવી આપ નામદારને વિનંતી છે. એટલું બોલી હું ઉભો હતો એવામાં એ પૂરા પરમાર્થી પુરૂષે પ્રેમની ખાતર એક ઉંચા દરજાની ટીકટ મને આપી ને મુસાફરીની સુસલાહ બાબત કેટલીએક અગત્યની સુચના કરી એટલુંજ નહિ, પણ રસ્તાની સહી સલામતીને માટે ખોરાક, પાણી, ખરચી, વગેરેનો સારો બંદોબસ્ત કરી આપ્યો.

ઉપરની એ વાત સાંભળી ગોવિંદરામ સમજ્યો કે જ્યારે તારાચંદ ખ્રીસ્તી થયો ત્યારે તેને પોતાનું ઘરબાર, કુટંબ પરિવાર સગાં વ્હાલાં, નાત જાત, વગેરેથી જુદો કરવામાં આવ્યો એટલુંજ નહિ, પણ ઘણા ધક્કા મુક્કા, ગડદા પાટું, લાત લપડાકનો પાક પામ્યો એટલુંજ નહીં, પણ ઘણુંજ અપમાન પામી બાપ્તિસ્મા લઇ બહાર પડયો તે વખતની વાત કરે છે-તેથી તે એકદમ બોલી ઉઠયો કે મારા વ્હાલા ભાઇ, આપની આગગાડી તો ખ્રીસ્તી મંડળી ન હોય. મારા સમજવા પ્રમાણે જ્યારે આપે બાપ્તિસ્મા લીધું ત્યારથી ગાડીમાં બેસીને મુસાફરી શરૂ કીધી એમ લાગે છે, પણ હું તમને એક વાત પુછું છું તે એ કે તમારે તે બદલ કંઇ પૈસા આપવા પડ્યા કે નહિ ?

તારાચંદ—ના ભાઇ, મારે તેની કિમ્મત કંઇ આપવી પડી નથી પણ એક કામ કરવું પડયું છે, તે હું તમને કહીશ. એમ બોલી ગોવીંદરામનો અંગરખો સ્ટેશન પરની ભીડમાં ફાટયો હતો

તેના એક લટકતા ચીરા તરફ આંગળી બતાવીને કહ્યું, મિત્ર, તમારા અંગરખાને આ નુકસાન શાથી થયું? ત્યારે તેણે તેને જવાબ આપ્યો કે મને ગાડી પર આવતાં ઘણો શ્રમ વેઠવો પડયો હતો તેથી તે ફાટી ગયો છે. ત્યારે તારાચંદે તેને કહ્યું કે, એ વાત પણ એવીજ છે. એટલે જેમ આપને પેરથી ગાડીમાં આવતાં ઘણી જાતની વિપત્તિઓ, અડચણો ને મુશીબતો ભોગવવી પડી તેમ મારે પણ થયું છે, એટલુંજ નહિ પણ એ કરતાં વિશેષ વિઘ્નો આડાં આવ્યા વિના રહ્યાં નથી. પણ જેમ તમો આખર સુધી આગળ ને આગળ વધતા ગયા ત્યારે ગાડીમાં બેસવા પામ્યા. તેવીજ રીતે, બલકે તેથી વિશેષે કરીને આ કામમાં પણ આગળ વધવાની જરૂર છે. જો તમારા હાથમાં એક કરતાં વધારે, હા, જો વીસ ટીકીટો હોય, તો પણ વખતસર આખર સુધી આગળ ન વધો તો ગાડીની સ્વારી કરવાનો વખત પામી શકો નહિ; તેમ આ કામમાં પણ વધારે ને વધારે આગળ વધવાની જરૂર છે. જેમ આપ ગાડીની પાસે આવતાં પડતાં પડતાં માંડ માંડ બચ્યા છો; તેમ મારી દશા પણ એવીજ થઇ હતી. તમોએ મહા મહેનતે પુરૂષાર્થ કરી પોતાનો મનોરથ સિદ્ધ કીધો છે, તેમ મારે પણ ઘણાં ઘણાં દુઃખો જેવાં કે થાક, શ્રમ, મારફાડ, મેણાંટોણાં, નિંદામશ્કરી, માનઅપમાન, ધિક્કાર તિરસ્કાર, ભૂખ તરસ, ઉંઘ ઉજાગરો, આદી ઘણાંજ સંકટો વેઠી આગળ વધવું પડયું છે. જો તેમ ન કરીએ તો ગાડી આપણને છોડી આગળ ચાલી જાય છે, માટે બધાં વિઘ્નોની સામે લડવું પડે છે. મારા સાંભળવા પ્રમાણે એ રીતની લડતમાં આગળના કેટલાએક મરણ સુધી પાછા હટયા નથી, પણ રક્તપાત સુધી આગળ ને આગળ વધતા ગયા

ને ગાડીમાં બેઠા છે, તેઓમાંના કેટલાએક લોહીલોહાણ થતા પાછા હટયા નહિ, તેથી તેઓની ધારેલી મુરાદ અમલમાં આવી છે. જેમ આજે આ આગગાડીમાં બેસતાં આપને કેટલાંએક માણસો તથા કારણોથી અડચણ થઇ છે તેમ આ સ્વર્ગી રેલ-ગાડીમાં બેસનારાઓને તેવીજ અડચણો સામે આવે છે. તેઓ-માંથી મુખ્ય નાતજાતના વહેવારો તેમજ તેઓમાં ચાલતા રીત રિવાજો અને સગાંવહાલાં, સ્નેહી મિત્રો ઇત્યાદિ આગળ આવી ખડા થઇ જાય છે 'ને એમ કહે છે કે જો તમો આ માર્ગ પસંદ કરશો તો અમે તમારાથી જુદા થઇશું' એટલુંજ નહિ 'પણ તમોને હેરાન કરીશું, તમારી સાથે ખાવા પીવાનો, ઉઠવા બેસવાનો તેમજ વરવા પરણાવવાનો વહેવાર છોડી દઇશું. હા, તમને ભુંડા જેવા ગણી અમારા મંડળમાંથી બાદ કરીશું, પછી તમારાથી બોલવા ચાલવાના લેવાદેવાનો કશો વહેવાર રાખશું નહિ, ને સર્વ વાતે છેહ આપી તમોને વટલેલા જાણી વેગળા રાખી વગોવીશું. એવી આકરી ધમકી આપી આપણને આંતરવાનું કરે છે. તે શિવાય બીજા એ છે કે જેઓ બનતી મહેનત લઇ આપણને અડચણમાં ઉતારવા માગે છે. તેમાંનો એક તો અતિ ક્રૂર, કાવતરાંખોર કાળાંગો કળીયુગ કે કાળાં કામ કરનાર કારમો શત્રુ શેતાન છે. તેણે ઘણા મુસાફરોનો ઘાણ વાળ્યો છે, ઘણાને ઘાયલ કીધા ને ઘણાને ધરકાવી કાઢયા છે. એ અટપટો શત્રુ હમેશાં સજ્જ રહી સજ્જનોનો સંહાર કરનારો છે. તે ગાજનાર સિંહની પેઠે આમ તેમ ફરતો ફરે છે. તે પોતે ન ફાવે તો તેના દુષ્ટ દાસોરૂપી દુર્ગુણોને પંથાની પીઠ પાછળ મોકલે છે. તેઓ રસ્તામાં રોકાણ કરી રઝળાવી મારે છે. તો પણ ઇશ્વરી દયા પામેલાં એ અડચણોથી અટકતા નથી ને હમેશાં આગળ ને આગળ

વધતા જાય છે. તેઓ અંતે જગત પર જય પામી પ્રભુના પ્રેમનો પુરો અનુભવ પામે છે.

તારાચંદની સાથે વાત કરવામાં જે પેલો જુવાન વિદ્યાર્થી હતો તેણે કૉલેજમાં અભ્યાસ કરતી વખત ખ્રીસ્તી ધર્મના ખરાપણા તથા તેના ઉત્તમપણા વિષે ઘણુંજ સાંભળેલું તથા શિખેલું હતું, તેથી તેના મનમાં તે શાસ્ત્રની મોટાઇ તથા સનાતનતા અને સત્યતા વિષે સારાજ વિચારો હતા, તોપણ તે ધર્મ ધારણ કરતાં જે જે નુકસાન, અડચણો અને મુશીબતો આવે એ સઘળું સહન કરી આગળ વધવું તે તેના મનમાં મહાભારત લાગતું હતું. જો કે તે પોતાના ખરા મનથી જાણતો હતો કે ખ્રીસ્તી ધર્મ ખરો ને સત્ય છે, જો દુનિયામાં દેવદત્ત ધર્મ હોય તો તે આજ એકલો હશે એમ એ જાણતો હતો, તોપણ તેના બીકણપણાથી તે પવિત્ર ધર્મ ધારણ કરી શક્યો નહોતો. તેથી જ્યારે તેણે તારાચંદની તાજી વાર્ત્તા સાંભળી ને તેમાં તેની હિમ્મત અને હુશિયારી ધર્મમાર્ગમાં ધીરજ રાખી આવતી આપત્તિઓમાં અડગ રહી શોક, સંકટ, વિપત્તિ, વેદના, માન, અપમાન, લાજ, શરમ આદિ જે જે સહન કરેલાં તેની હકીકત સાંભળી શરમિંદો પડી ગયો ને પોતાના મન સાથ કહેવા લાગ્યો, ધન્ય છે એવા ધર્મશોધકને કે જેઓએ જગતજંજાળ જુઠી માની મરણ પર્યંત મરદાઇ બતાવી છે. એ ખરો ખ્રીસ્તી, બાકી બીજી તો વાતો.

તારાચંદે પોતાની યાત્રાની વાત આગળ ચલાવતાં ફરી કહ્યું કે, મુસાફરીની શરૂઆત કીધા બાદ જ્યારે હું પ્રથમ સ્ટેશનની પાસે આવી પહોંચ્યો ત્યારે પ્રવાસ કરવાથી આગળ ઉપર જે જે દુઃખો મારા પર આવી ગયાં હતાં તે, એટલે ચાલતાં ચાલતાં જે થાક લાગેલો હતો તે તથા ભૂખ દુઃખ, ઉંઘ ઉજાગરા વેઠવા પડયા

હતાં તે સર્વેનું ચિંતવન મારા મનથી લોપ થયું; એટલે સર્વે સંકટો વિસારે પડી ગયાં. આ સ્ટેશનનું નામ શાંતિ હતું. તે મારા હકમાં યથા નામા તથા ગુણા પ્રમાણેજ થયું; કેમકે ત્યાં પહોંચતાની વારમાં મારાં સર્વે સંકટો સમૂળાં નાશ પામ્યાં. હું દુઃખિત ને પીડા પામેલો પરમ સુખનો અનુભવ કરવા લાગ્યો. એટલી વાત સાંભળીને પેલો જુવાન વિદ્યાર્થી બોલી ઉઠયો કે સાહેબ, આપ જે વાત બોલો છો તેનો પુરો ખુલ્લાસો કરી બતાવો તો કેવું સારૂં! તે જાણવાને મારૂં મન ઘણું આતુર છે.

તારાચંદ—જે પ્રથમ સ્ટેશન શાન્તિ સ્ટેશન કહ્યું તે તો શાન્તિરૂપ છે, ત્યાં જતાં મનનો બધો ગભરાટ ને ગડબડાટ, ક્લેશ કંકાસ, બિહીક ને ધાસ્તી, ભય ને ઉચ્ચાટ એ બધાં લોપ થયાં, કારણ કે એ સ્ટેશનમાં તેવાંઓ આવી શકતાં નથી, ત્યાં તેઓનું જોર ચાલતું નથી તેથી તેનો ત્યાં પ્રવેશ થતો નથી. આ શાન્તિ સ્ટેશનના સિગનલ દરમ્યાન ગાડી જાય છે ત્યારે તે હદમાં આવવાને એઓને અટકાવ કરવામાં આવે છે. ત્યાંના સ્ટેશન માસ્તરને એવો હુકમ છે કે, તેઓએ ત્યાં આવવું નહિ તેથી તે દુઃખોને ત્યાંથી વેગળાં રહેવું પડે છે. ત્યાર પહેલાં તેઓનું મૂળ જે પાપ છે તેનો પૂરો પરાભવ થએલો હોય છે, તેથી તે સ્ટેશનની હદમાં ન્યાય પર દયાના વિજયડંકા વાગે છે. ત્યાં દરેક યાત્રાળુને અભય, વચન આપવામાં આવે છે કે "દીકરા, યા દીકરી, ધીરજ રાખ, તારાં પાપ તને માફ થયાં છે, જા શાન્તિમાં પ્રવેશ પામ ને હવેથી પાપ કરીશ મા." દેવનંદનનું પવિત્ર રક્ત આપણને સર્વે પાપથી શુદ્ધ કરી શકે છે, કેમકે "પાપનું વેતન મરણ છે, પણ દેવનું કૃપાદાન ઇસુ ખ્રીસ્ત આપણા પ્રભુને આસરે સર્વકાળનું જીવન છે." ત્યાં પહોંચ્યો કે તુરત મને અનહદ આનંદની પ્રાપ્તિ થઇ

મારા ઋણનાં બંધન તુટવાથી મને અનિર્વાચ્ય આનંદ થયો. જેમ કોઇ માણુસ ઘણા દેવામાં દબાઇ ગયો હોય ને તે કરજના કારણથી કંગાલિયતમાં આવી પડયો હોય, તે બિચારો કરજદાર હોવાથી ફિકર ચિંતામાં પોતાનો વખત ગમગીનીમાં ગુજારતો હોય, ખાવા પીવાનું, ઉઠવા બેસવાનું, હરવા ફરવાનું, રમત ગમત કંઇ ગમે નહિ, નિરંતર ચિંતા ફિકર ને બેચેનીમાં પડયો રહેતો હોય, તેવામાં કોઇ સારો સદ્ગૃહસ્થ તેના પર રહેમ લાવી તેનું ઋણુ પોતે ભરી આપે ને પછી પેલા કરજદારને કહે કે, જો ભાઇ, મેં તારૂં દાણીગણુ પુરેપૂરૂં પતાવી દીધું છે, તારા દરેક લેણદારનો હિસાબ મેં ચુકાવ્યો છે, હવે તારી પાસે કોઇ માગનાર નથી, માટે તારે ફિકર ચિંતા રાખવી નહિ. હવે પછી તારો ખરચ ચલાવવાને જે જરૂરની શિલક જોઇએ તે મારી પાસેથી લે, ખા, પી, આનંદ કર; હવે કરજ કરીશ મા. જોઇએ તે મારી પાસેથી માગજે. એ શબ્દ સાંભળી કરજદાર કેવો આનંદ પામે! તેના મનની આનંદવૃત્તિની તુલના કોણુ કરી શકે! તેવોજ આનંદ ને અનુભવ મને આ સ્ટેશન સમીપ આવતાં થયો. ત્યાં મારૂં મહા દારૂણુ દેવું કપાયું. આગળ મારાં પાપરૂપી ઋણો નિત્ય મને ખેદમાં રાખતાં હતાં. મારાં પાપોની પૂરી સજા તથા સત્તા જોઇને હું ખરેખર ધ્રુજતો હતો; તેના બીહામણા બોજથી હું બેહાલ ને બેજાર હતો, પણુ તારનારના પ્રતાપથી આ સ્ટેશનની સરહદમાં આવતાં તે સર્વેથી મને છુટકો મળ્યો, તેથી મારૂં મન પુરૂં પ્રફુલ્લિત થયું. મારામાં જે અજ્ઞાનનો અંધાપો હતો તે હવે જતો રહ્યો તેથી મને મહા આનંદના ઉભરા આવવા લાગ્યા ને મારા મનમાં પૂરૂં સુખ ચેન થયું, જાણે કે મારી સ્થિતિમાં મોટો ફેરફાર થયો હોયની!

એટલું સાંભળીને ગોવિંદરામ બોલ્યો, મારા ભલા મિત્ર, જેમ ઋણ ભરી અપાય છે તેમ શું પાપનું દેવું વાળી શકાય? ને જો તેમ થાય તો તેની ખાતરી શી? મતલબ કે, પાપોની માફી મળી તો તેનું શું પ્રમાણ છે? એ વાત સાંભળીને તારાચંદ ઘણોજ ખુશી થયો. તેણે મોટા ઉત્સાહ સાથે જવાબ દેવાનું શરૂ કર્યું. તારાચંદે કહ્યું કે ભાઇ, ધન્ય છે પ્રભુને કે તેનાં વચનો ગ્રહણ કરવાથી અમે એ વાત જાણી શકીએ છીએ. અમે સત્ય શાસ્ત્ર (જે બૈબલ કહેવાય છે તે) માનીએ છીએ. તેમાં લખ્યું છે કે ઇસુ ખ્રીસ્ત પાપીઓને બચાવવા સારૂ આ જગતમાં આવ્યો. એટલે તેણે કહ્યું કે "જે સાજા છે તેઓને વૈદની જરૂર નથી પણ જે માંદા છે તેઓને અગત્ય છે." હું આત્માનો વૈદ છું ને માંદાને એટલે પાપીઓને માટે આવ્યો છું. "ન્યાયીયોને સારૂ નહિ પણ પાપીઓને પસ્તાવામાં બોલાવવા હું આવ્યો છું." તે કહેતો હતો કે હું ઉત્તમ ઘેટાંપાળક છું. ઉત્તમ ઘેટાંપાળક ઘેટાંને સારૂ પોતાનો જીવ આપે છે. તમારા વતી હું મારો જીવ આપીશ. હું સેવા કરાવવા માટે નહિ પણ સેવા કરવા માટે તથા ઘણાની વતી ખંડણી ભરી આપવા હું આવ્યો છું. તેના વચન પ્રમાણે તેણે પોતાના લોકોનાં પાપનો બદલો ભરી આપ્યો છે ને પોતાના અમૂલ્ય રક્તથી તેઓનાં પાપ ધોઇ નાખે છે. તેના પર વિશ્વાસ કરનારાઓ વિષે પ્રભુ એમ કહે છે કે "તેઓનાં પાપો તથા તેઓનાં અપરાધોનું સ્મરણ હું ફરી કરનાર નથી." એ અને એના જેવાં બીજાં ઘણાં મૂલ્યવાન વચનો પવિત્ર લેખમાં મળે છે. તે પરથી ખાત્રી થાય છે કે જેઓ ઇસુ ખ્રીસ્તમાં છે તેઓને દંડાજ્ઞા નથી. આ શિવાય બીજું એક અંતર પ્રમાણ છે; તે એવું કે જેમ કોઇ રોગી સાજો થાય છે, ત્યારે તેનામાં રોગનાં

ચિન્હો તથા રોગનાં દુઃખો રહેતાં નથી. તેમજ પાપને માફી મળ્યા બાદ પાપની ભાવના તથા પાપની પીડા રહેતી નથી એ પ્રમાણો અનુભવથી સારી રીતે સમજાય એવાં છે, ને તેજ પ્રમાણોથી મારી વાત તમને કહી છે.

આ સઘળી વાતચીત ચાલી રહી છે, તે એક જુવાન ડબ્બામાં છેટે બેઠો હતો તેના પર આકાશી વાણીની માફક જુદાજ પ્રકારની અસર થવા લાગી હતી. તે જાતનો મુસલમાન હતો, નાનપણથી ધર્મની વાતોનો શોધક તેમજ ભાવિક હતો; છેક તરૂણ, પણ તે પાપ વિષે તેની સજા વિષે તેમજ પરમેશ્વરના કોપ વિષે વિચાર કરતાં કાંપી ઉઠતો હતો, ત્યારથીજ તે શાંતિ શોધનાર હતો, પણ હજી તે શાંતિથી વેગળો હતો. જ્યારથી આ ચરચા ચાલવા લાગી ત્યારથી તે બુદ્ધિ ને ધ્યાનથી ચુપચુપ સાંભળતો હતો. તેના મનમાં એવી અભિલાષા થઇ કે જો પરમેશ્વર આ વિશ્વાસીના જેવો વિશ્વાસ ને આશા મારામાં ઉપજાવે તો કેવું સારૂં? જો મને તેના જેવો આનંદ મળે તો તેના બદલામાં મારી બધી મિલકત અર્પણ કરૂં એટલુંજ નહિ, પણ તે આનંદદાતા પ્રભુને સારૂ મારો જીવ પણ ખુરબાન કરૂં. એ પ્રમાણે ત્યાં આનંદી સુવાર્ત્તાનો વિનોદ ચાલી રહ્યો છે. એટલામાં પેલો જુવાન વિદ્યાર્થી બોલી ઉઠયો, ભાઇ તારાચંદ, એ મુસાફરીમાં બીજું સ્ટેશન ક્યા નામથી ઓળખાય છે તે કહેવાને મહેરબાની કરશો તો ઉપકાર માનીશ.

તારાચંદ—મારા વ્હાલા મિત્ર, ત્યાંથી આગળ, એટલે શાંતિ સ્ટેશનથી રવાના થયા બાદ મારી નજરે કંઇ વધારે જોવામાં આવ્યું. પ્રથમ મને એટલીજ ખબર મળી કે તારાં પાપ માફ થયાં છે, પણ ત્યાર બાદ વધારામાં જણાયું કે પરમેશ્વર પાપની માફી

આપવા ચાહે છે એટલુંજ નહિ, પણ તે આપણને દત્તકપુત્રપણાનો વારસો ને હક આપવા ચાહે છે. પાપી જગત તથા શેતાનના કુટુંબથી છોડાવી તે આપણને દેવના કુટુંબમાં ભાગીદાર બનાવવા ચાહે છે. આપણે દેવના વારસ ને ખ્રીસ્તની સંઘાતે સાથીવારસ થઇ શકીએ છીએ. ખ્રીસ્તને આશ્રે આપણે સારૂ આકાશી દ્વાર ખુલ્લાં રાખવામાં આવે છે. આવી કલ્યાણકારી મંગળમય સુવાર્ત્તા સાંભળી મારા મનમાં પૂરો આનંદ પેદા થયો. તેથી ઇસુને આશ્રે હું પોતાને ધન્યવાદ આપવા લાગ્યો. કારણ કે આગળ પર હું એક કંગાલ ભીખારી દરિદ્રી તથા ધિક્કાર પામેલો હતો. તેમ છતાં તેણે મને મહા પ્રતાપી રાજાઓના રાજાનો પાળકપુત્ર થવાને તેડ્યો. અને મને એવું અભયવચન આપ્યું કે જો તું અંત સુધી વિશ્વાસુ થઇ રહીશ તો હું તને જીવનનો મુગટ આપીશ. આ વચન પર નિશ્ચય કરતાં હું આનંદ નામના સ્ટેશન પર આવી પહોંચ્યો છું. આ બધી વાતાનું વર્ણન કરતાં તેના મુખ પર મુદ્રિત નિશાણીઓ દેખાવા લાગી. એટલે તેના મુખનો પ્રકાશ એકદમ ઉભરાવા લાગ્યો, ને તેના મ્હો પર તેજનું પ્રતિબિંબ જળહળતી જ્યોતીની પેઠે પ્રકાશવા લાગ્યું.

એ વખત ગોવિંદરામ પોતા વિષે વિચાર કરવા લાગ્યો કે, મેં ઘણાં ઘણાં તીર્થ વ્રત કીધાં, યાત્રાઓમાં ફરી ફરી પગો ઘસ્યા, જપ તપમાં પણ યથાશક્તિ મહેનત કરી, જ્ઞાન ધ્યાનમાં પણ વખત વાપર્યો; પણ જે આનંદ આ ખ્રીસ્તી અનુભવે છે તે આનંદનો લાભ હું મેળવી શક્યો નથી. માટે ખ્રીસ્તી ધર્મ તે તો મહા આનંદનો ધર્મ હશે એમાં જરા શંકા કે સંદેહ નથી.

ત્યારે પેલો જુવાન વિદ્યાર્થી ફરી તારાચંદને કહેવા લાગ્યો, મિત્ર, એ તો ઘણુંજ સારૂં સ્ટેશન છે. કહો વારૂ, એ આગળ વધતાં શું આવે છે તે સાંભળવાની મારી ખાયશ છે.

ત્યારે તારાચંદે જવાબ આપ્યો, ભાઇ, એ ત્રીજું સ્ટેશન તો ઘણુંજ સારૂં ને સુશોભિત છે. તે ત્રીજા સ્ટેશનની કીર્ત્તિ તથા શોભા મુસાફરોએ વર્ણવેલી છે, તેથી મારૂં મન નિરંતર તેમાં ખેંચાયા કરે છે. તે સ્ટેશન પર હું હજી પહોંચ્યો નથી, પણ ત્યાં પહોંચવાની ઉમેદ રાખું છું. મારી મુસાફરીમાં હું રોજ રોજ તે તરફ આગળ વધું છું. માટે મને આશા છે કે, મારા મદદગાર તથા આગેવાનની સહાયતાથી અંતે હું ત્યાં પહોંચવાનો છું. એ પવિત્રાઇનું સ્ટેશન કહેવાય.

એટલી વાત સાંભળ્યા બાદ પેલો જુવાન વિદ્યાર્થી નાક ચઢાવી કપાળમાં કરચલી લાવી મરડમાં બોલ્યો કે "ઠીક, તમારા બોલવાની બધી મતલબ હવે હું સમજું છું. મારા મત પ્રમાણે તમ ખ્રીસ્તી લોકો અમારી આગળ મોટી મોટી વ્યર્થ આશાઓ બતલાવી અમને ભુલાવામાં નાખો છો. આજ દીન સુધીમાં મેં ઘણા ખ્રીસ્તીઓ દીઠા છે, પણ તેઓમાં તમારા કહેવા પ્રમાણે આનંદ ને શાંતિ મેં જોઇ નથી. ઉલટું તેઓ બીજાની પેઠે હાયદોશ કરી પોતાનાં દુઃખ રડતા ફરે છે, ને જેમ બીજા તેમ તેઓ દુઃખમાં દબાયલા માલમ પડે છે, તેથી મને એવી ખાત્રી થાય છે કે તમો માત્ર તમાચો મારી મ્હોની લાલી બતાવો છો, પણ તે લાલી ખાલી છે. એમ બોલી ખડખડ હસી પડયો, તેનું જોઇને બીજા બેસનારા પણ એકદમ હસી પડયાં. આ પ્રમાણે તારાચંદની વાત પર લોકો હસવા લાગ્યા, ત્યારે ગોવિંદ-રામે તાનો મારીને ઠાવકું મ્હો રાખી વાત કરી કે, ભાઇઓ, મારી વાત પર તમે લક્ષ આપો. મને એમ લાગે છે કે, બધા મત પંથીઓમાં આ ખ્રીસ્તીઓના જેવા વાચાળ મારી સમજણ

પ્રમાણે કોઇ નથી; તેઓનો ધર્મ માત્ર તેઓના બોલવામાંજ સમાયલો હશે એમ મને દેખાય છે.

બિચારો તારાચંદ આ હસા મશ્કરીમાં જેમનો તેમ ઠાવકું મ્હો રાખી બેઠો રહ્યો, ને ઘણીજ સાવધગીરીથી ગભરાટ કે અકળામણની સામે હિમ્મતથી ઉભો રહ્યો. તમામ નિરાશાનો ત્યાગ કરી એઓની મજાક મશ્કરીને જરા પણ લેખવીજ નહિ, ને જે પ્રમાણે પોતે જે સ્થિતિમાં બેઠો હતો તે ને તેજ રીતે બેઠો રહ્યો. જ્યારે બધા હસાહસ તથા ઠઠ્ઠા મશ્કરીમાંથી નિવૃત્તિ પામ્યા ત્યારે તારાચંદે પોતાની વાત શરૂ કરતાં કહ્યું, મારા મિત્ર, તમે જે ખ્રીસ્તીઓ વિષે કહો છો તેઓ તો ફકત નામના ખ્રીસ્તીઓ હશે. પણ ખરા ખ્રીસ્તીઓ જુદા હોય છે. તેઓમાં ખ્રીસ્તની પ્રીતિ કે ખ્રીસ્તની રીતિ નામનીજ હશે. મતલબ કે એવાઓમાં ખ્રીસ્તનો પ્રેમ ને ખ્રીસ્તનો નિયમ હોતાંજ નથી, માટે તેઓની હાલત એવી ફોકટ ને કઢંગી હોય છે. માટે તેવાઓ નામના ખ્રીસ્તી કહેવાય છે. તેઓ ખ્રીસ્તનું નામ લે છે ખરા પણ તે શેતાનનાં કામ કરે છે માટે તેઓ પોતાની આશાનો નાશ કરે છે. તેઓ ખ્રીસ્તનો વધસ્તંભ ઉંચકે છે ખરા પણ વેઠથી ઉંચકે છે માટે તેઓને વેઠિયાના જેવું વેતન મળે છે. પણ જેઓ પ્રેમથી ખ્રીસ્તનો વધસ્તંભ ઉપાડે છે તેઓ પુરો પ્રેમ પામે છે. જો આજે આપણ દરેક જણ પોત પોતાની ઇચ્છિત જગ્યાએ ન પહોંચીએ તો ગાડીમાં બેસવાનું પ્રયોજન શું છે? માટે આપણે જ્યાં જવા ચાહના રાખી છે ત્યાંની ગાડીમાં બેઠા છીએ. જો કોઇ લાહોરની ગાડીમાં બેસે તો અંબાળે ક્યાંથી પહોંચે? એમ બોલી થોડી વાર ચુપ રહ્યો, ને પછી ગંભીરતા ધારણ કરી બોલ્યો કે પરમેશ્વરના નામને ધન્ય હોજો કે તેણે પોતાનાં વચનો આપણને

પ્રગટ કરી આપ્યાં છે. તેમાં એક અતિ અગત્યની ને ઉપયોગી વાત જણાવી છે કે, "પવિત્રાઇ વિના કોઇ પ્રભુને જોનાર નથી" માટે ખ્રીસ્તી હોય કે અણુ ખ્રીસ્તી હોય તો ભલે પણ પવિત્રાઇના સ્ટેશનમાં ગયા વિના સ્વર્ગી શેહેરમાં પહોંચાશે નહિ, તેમજ તેનાં દીદાર પામનાર નથી.

ગોવિંદરામ નાત જાત સંબંધી પુરો વહેમી હતો તેના વિચારો એવા હતા કે આ જગતમાં જેમ નાત જાતનું જોર ચાલે છે તેમ આકાશમાં પણ એમ હશે! તે પોતાના મનમાં એવું સમજતો હતો કે જે હલકી જાતના લોકો છે તેઓ તો કદી સુધરવાના નથી. તે સમજતો કે જો કોઢીઆ શુદ્ધ થાય તો થાય પણ ઘેડાઓ સુધરવાના નથી, જાતિ સ્વભાવ ન મુચ્યતે. મતલબ, તેની સમજણ પ્રમાણે જાતિનો સ્વભાવ બદલાયજ એવો ઇશ્વરી નિયમ હશે. એથી તે બોલી ઉઠયો શું કોઢીઆ અથવા ઢેડ ભંગી હજારો તીર્થ યાત્રાઓ કરે તો તે શુદ્ધ થાય? ના કદી નહિ. તેમ પવિત્રાઇ વિના પ્રભુ પાસે જવાતું નથી એમ તમે માનો માટે તેઓનું શું થશે? તારાચંદે જવાબ આપતાં કહ્યું કે ભાઇ, તમે પવિત્રાઇ સંબંધી પૂરૂં સમજ્યા નથી. તીર્થોની જગ્યામાં જવાથી જે પવિત્રાઇ મળે તે તો નાત જાતની તથા શરીર સંબંધીની છે, એટલે જેમ પાણી શરીરને સાફ કરે પણ મનને નહિ. નાત જાતનું ચઢતા ઉતરતાપણું તે નાત જાતનું પણ આત્માનું નહિ. મેં અત્યારે જે પવિત્રાઇની વાત તમારી પાસે કરી તે શરીરની નહિ પણ આત્માની કે મનની. જેમ આપણામાં કહેવત ચાલે છે કે "મન ચંગા તો કથરોટમાં ગંગા." તેમ મારી વાત તે મનની પવિત્રાઇ વિષેની છે. તે દરેક માણસ જેને કૃપા મળે તે પામી શકે છે; એમાં નાત જાત કે રંગ રૂપ કે ગરીબ તવંગરની

વાત નથી. જેમ વાયુ, તેજ, જળ સ્થળ એ સિવાય જીવનાં સાધન સર્વે માણુસને સામાન્ય અપાએલાં છે, તેમ આ અમૂલ્ય અલભ્ય આત્મિક જીવનનું સાધન સર્વને માટે સરખું મળી શકે છે, ને તે પૃથ્વી પરનો કોઇ પ્રાણી પદાર્થ એ આપી શકતો નથી, તે આપનાર તથા પમાડનાર એકલો પ્રભુ છે. તેની કૃપા ને તેની સહાયતા સિવાય તે મળે તેમ નથી, માણુસ પોતે પોતાથી મેળવી શકે તેમ નથી. જપ, તપ, યાત્રા, તીર્થથી તે મળે નહિ, એકલો એકનો એક જે દેવ છે તેનાથીજ તે મળે છે. વળી તે મફત મળે છે, કારણ કે તેનું મૂલ્ય ખર્ચી શકાય તેવું નથી. સદ્‌ગુરૂ ઇસુ ખ્રીસ્તને નામે જે માગે તેને તે મફત આપવામાં આવે છે. પ્રભુએ પોતે કહ્યું છે, કે તું માગ ને હું તને આપીશ. જો તમે માગશો તો પામશો, જે માગે છે તેને મળે છે; તમે મારે નામે માગો ને બાપ તે તમને આપશે. તમે ભુંડા છતાં પોતાનાં છોકરાંઓને સારાં વાનાં આપી જાણો છો તો મારો બાપ કેટલી અધિકતાથી માગનારને પવિત્ર આત્મા આપશે! એવાં ને એના જેવાં આશાજનક દિલાસારૂપ ઘણાં વચનો તેના પવિત્ર પુસ્તક સત્યવેદમાં સમાયલાં છે. મારા મિત્રો, જો તમે આ સુવાર્ત્તા વાંચો કે શીખો કે સાંભળો તો કેવું સારૂં! તે કેવી ખુશીની વાત! કેવો આનંદ ને કેવો દિલાસો એમાં છે તે માત્ર અનુભવીજ જાણે, બીજો જાણેજ નહિ. એમ કહીને પોતાના ગજવામાંથી સુવાર્ત્તા (ખ્રીસ્તના જીવન ચરિત્રનું પુસ્તક) ની એક નકલ કાઢીને તેઓ આગળ ધરતાં કહ્યું કે, જે કોઇ સ્વર્ગનું પરમોત્કૃષ્ટ સુખ પામવાને ચહાતો હોય તો તેણે આ પુસ્તકનો લાયક રીતે અભ્યાસ કરી તેમાંની વાતોના અનુભવ મેળવતાં સુધી શોધ કરવો, તેમ કરવાથી તેને પરમ પદની પ્રાપ્તિ થશે એમાં કંઇ સંદેહ નથી. મિત્રો, મેં

મારી જાતે તપાસ કરી આ પુસ્તકની ખાત્રી કરી છે ને તેથી હું બીજાને ખાત્રી કરવાની ભલામણ કરૂં છું. આપણે આપણા મનકલ્પિત ઉપાયો કરી પરમપદ પામવાની આશા રાખતા આવ્યા છીએ, પણ તે વિષેની આશા હજી પૂરી રીતે ફળીભૂત થઇ નથી ને થવાનો સંભવ પણ નથી. હું મારી ખાત્રીથી કહું છું કે પરમપદ ને સદાના જીવનનો જે રસ્તો આમાં બતાવ્યો છે તે ખરો ને વ્યાજબી માનવા જોગ છે. તેમ કરતાં તમારી આશા અવિચળ ને અમર થશે, કારણ કે તે મનુષ્યકલ્પિત રસ્તો નથી પણ ખુદ પરમેશ્વર પોતે તેનો પ્રગટ કર્ત્તા છે. તેણે માણુસ જાતના સુખને સારૂ એ સનાતન રસ્તો સિદ્ધ કીધો છે. તેમાં છળભેદ કે છાની વાતો નહિ પણ સાચી સીધી ને સત્યમય વાતો લખેલી છે. તેમાં વાંચો, શિખો ને લક્ષ આપી આચરો તો તેથી જે શાન્તિ, જે દિલાસો, જે સુખ ને જે સમાધાન થાય છે તેનો તમોને અવશ્ય અનુભવ થશે. તેમાં જે ઉત્તમમાં ઉત્તમ શાન્તિ બતાવી છે તેનો લાભ લેવાને ચુકતું નહિ. મને ખાત્રી છે કે આપણામાંનો દરેક જણ સુખ ને શાન્તિનો વારસો પામવા ઉમેદવાર છે. આપણામાં કોણ એવો છે કે જે શાન્તિ ને સમાધાન પામવાની ઇચ્છા રાખનાર ન હોય! મને એમ લાગે છે કે આપણ દરેક જણ સુખ શાન્તિના શોધક છીએ, ને જો તેમ છે તો લ્યો તમારે કાજે તે મફત છે, હા, દેવ તમને માત્ર ખુશીથી મફત, મફત ને મફત મુક્તિદાન આપે છે, માટે લ્યો; તમારા વિશ્વાસનો હાથ લાંબો કરો ને માગો, હે પ્રભુ, હું પાપી પર દયા કરી તારી શાન્તિ તું મને આપ ને તારા તારણનો આનંદ મારાથી પાછો ન રાખ. એવી રીતે ખરા મનથી ભાવ રાખી વિશ્વાસે માગશો તો પ્રભુ તમને શાન્તિ આપશે. સદ્ગુરૂ ઇસુએ પોતાના અનુસારીઓને

વચન આપ્યું છે કે મારી શાન્તિ હું તમને આપીશ, જેમ જગત આપે છે તેમ નહિ પણ સદાકાળની શાન્તિ તમને આપીશ. તે જ્યારે શિષ્યોની વચમાં મરણ જીતીને આવ્યો ત્યારે એજ આશિષ આપતો હતો કે તમને શાન્તિ થાઓ. આ શાન્તિનો દાતાર એકલો એજ છે, તેની પાસે જે કોઇ આવે છે તે તેના પ્રાયશ્ચિત્તના કારણથી શાન્તિ પામે છે, ને જેઓને એવી શાન્તિ મળે છે તેઓ ખાત્રીથી કહી શકે છે કે મને મારાં પાપ માફ થયાં છે. દેવ તરફ મારી ખાતર જમા છે, તેની સાથે મારો પુનર્મિલાપ થએલો છે. હવે આપણે સર્વે એજ આશાના ઉમેદવાર છીએ. આપણ સર્વે એજ આશા રાખીએ છીએ કે દેવની સાથે આપણો મેળાપ થાય ને અનંત જીવનનો વારસો આપણને મળે ને પરમપદની પ્રાપ્તિ અમે પામી લઇએ તો ઠીક. આપણી હમેશની આશા તથા અપેક્ષા એવી છે કે પૂરી પવિત્રતા પામી પરમસુખમાં પ્રવેશ પામીએ. પરમેશ્વરે પોતા પર પ્રેમ કરનારાઓને સારૂ સ્વર્ગમાં તમામ સુખની સામગ્રી સિદ્ધ કીધી છે. મનુષ્ય પ્રાણી તેનો વારસો પામે માટે સર્વે સાધન તૈયાર કીધાં છે, પણ જો માણસ પાપને વળગી પશુવત્ રહે તો તે સ્વર્ગી સુખ પામી શકતો નથી એટલુંજ નહિ, પણ તેને જોઇ શકતો નથી, કારણ કે પવિત્રાઇ વિના કોઇ પ્રભુને જોઇ શકતો નથી; માટે પવિત્ર થવાની ઇચ્છા સહુ કોઇ રાખે છે, કારણ કે જેઓ પવિત્રાઇ પામી પ્રભુની પાસે જાય છે તેઓનેજ તે અનંત સુખનો વારસો મળે છે.

આ પેસીંઝરોની જીવનદાયક જ્ઞાન વાર્તા ચાલી રહી છે એટલામાં સ્ટેશન નજીક આવ્યું, એટલે મોટા ભયંકર તીક્ષ્ણ અવાજની કીકીયારી (જે વીસલના નામથી ઓળખાય છે તે) થઇ ને ઇન્જીન પણ મોટા ઘોંઘાટથી ગડબડ કરવા લાગ્યું. હવે એક

તરફ તે ગડબડાટ ને બીજી તરફ માણસોનો કોલાહલ થવા લાગ્યો તેથી આપણુ મુસાફરોને પોતાની વાતચીત બંધ રાખવી પડી, પણ અત્યાર સુધીમાં જે જે ચરચા ચાલી હતી તેના પર સંધા વિચાર કરતા હતા, તે વેળા તે વાતની અસર દરેકમાં જુદા જુદા પ્રકારનું કામ કરતી હતી. એ વાત સાંભળનારાઓમાં જેઓ અસાવધાન અંતઃકરણવાળા હતા તેઓ તો એ વાતથી થંડા ગાર બની ગયા. તેઓનું અંતઃકરણ એવું શીતળ હતું કે તેઓ આ જીવનદાયક વાત પોતાના મનમાં રાખી શક્યા નહિ. એક કાને સાંભળી ને બીજા કાનેથી બહાર કાઢનાર હતા તેથી તે તેમાં ટકી નહિ. બીજા કેટલાએકનું મન બળેલું હતું તેથી તેમાં તે રહી નહિ. તેઓ તો બોલનારની નિર્ભયતાથી તેના પર ચીડાયા હતા. બીજા કેટલાએકનું દીલ ઘણુંજ નબળું હતું તેથી તેઓ જીવન-દાયક સંદેશો માન્ય કરી શકતા નહોતા. ખુદ ગોવિંદરામ પોતાના મનમાં સંદેહ લાવતો હતો કે હું ભૂલના માર્ગ પર છું; પણ એ ભૂલ ને ભ્રમણા તેના પર એટલી સત્તા ધરાવતી હતી કે તે તેનાથી સુધારી શકાય તેમ નહોતું. બીજા કેટલાક સાવધાન તથા જાગૃતિવાળા અંતરના હતા. તેઓમાંનો એક આ વાર્તા-માંનો મુસલ્લમાન હતો, તેણે એવો ઠરાવ કીધો કે, મારે ઇનજીલ તથા કુરાનની તુલના કરવી ને તેમાંથી પરમેશ્વર મને સત્યાસત્યનો ભેદ બતાવે તે પ્રમાણે ચાલવું, ને હરરોજ તેની પ્રાર્થના કરવી કે તે આ બાબતમાં ભોમિયો થાય ને માર્ગ બતાવે.

મારા વહાલા વાંચનાર, અત્યારે તે વાત તમારી પાસે આવી છે માટે લાજમ છે કે તમારે તેનો વિચાર કરવો. તમો તેમાં શો મત આપો છો? કારણ કે આ મહાન્ યાત્રાના ભાગીદાર તમે પણ છો. તમે તમારી મુસાફરીમાં રોજ કઇ તરફ જાઓ છો?

તમારી મુસાફરીને અંતે શું આવશે? શું પરમેશ્વર સાથે તમારે સમાધાન છે? શું તમારાં પાપની માફી તમને મળી છે? શું તમારા મનમાં શાન્તિ છે? આત્મિક આનંદ શું તમને મળ્યો છે? શું તમારે માટે સ્વર્ગી દ્વાર ખોલાયાં છે? મિત્રો, તમે પોતાને પારખો. જો ભરોસો હોય તો તેનો પાયો તપાસો. જ્યાં સુધી પુરા સમાધાનકારક જવાબ ન મળે ત્યાં સુધી કાયર ન થતાં શોધો, સઘળાંને પારખો ને સત્ય ગ્રહણ કરો. જો તમારૂં મન તમને એમ સુચવે કે તારે તારણની જરૂર છે તો તમારે તેને માટે ગભરાવું નહિ, પણ તારણદાતા પ્રભુને શરણાગત થાઓ ને તેણે તમારા તારણને માટે જે ઉપાય સિદ્ધ કીધો છે તે જલદીથી કામમાં લ્યો. માણુસ પોતે પોતાની પવિત્રાઇએ કરી સ્વર્ગી શેહેરમાં પ્રવેશ પામી શકે તેમ નથી, પણ જે કોઇ ઇસુ પર વિશ્વાસ લાવે છે તેને વાસ્તે હમેશાં આકાશી દ્વાર ખુલ્લાં છે. તેના પુણ્યથી પવિત્ર કરાઇને આશ્રિતો આકાશી રાજ્યમાં પ્રવેશ પામવાને હકદાર થાય છે. આ મોટો આશીર્વાદ પ્રભુ તમને આપવાનો છે તે તમે વિશ્વાસથી લ્યો. એ આશીર્વાદ મેળવવા સારૂ ખ્રીસ્તે પોતાનું પવિત્ર રક્ત વહેવડાવ્યું છે. જુઓ તેના જેવો પ્રેમી કોણ છે? શું કોઇ તમારો એવો મિત્ર છે કે જે તમારે માટે પોતાનો જીવ આપે? મારા સમજવા પ્રમાણે આવો પરમાર્થી હાલના જમાનામાં એક પણ નિકળવો કઠણ છે. પણ આસરે બે હજાર વરસ ઉપર એકજ એવો પરોપકારી થયો છે કે જેણે તમારે માટે ને આખી દુનિયાને વાસ્તે પોતાનો જીવ આપ્યો ને આ મોટું ઉપકાર દાન ખરીદ કીધું છે. હા, મુક્તિદાતાના પ્રેમથી પાપીઓ માફી પામે છે. શું તેના પ્રેમને તથા તેના ઉપકાર દાનને તમે તુચ્છ ગણી આ મોટા આશીર્વાદનો અનાદર કરશો? ના, મિત્રો, તમે તેની

વાણી સાંભળો, તેના સુંદર મુખારવિંદથી પોતાની મધૂર હાક ત તમને તેડે છે. તેનું નોતરૂં એવું છે કે "ઓ કષ્ટ કરનારા તથા પાપના ભારથી લાદેલા, તમે મારી પાસે આવો ને હું તમને વિસામો આપીશ." મારા બાઇઓ, તમે તેની વાણી સાંભળીને માન્ય કરો માટે પ્રભુ તમને સુબુદ્ધિ આપો એવી મારી પ્રાર્થના છે. આમેન.